eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 126
January 18, 2008

## મહાનગરપાલિકા દ્વારા લગ્ન નોંધણી : લગ્ન નોંધણી અધિનિયમ–૨૦૦૬ હેઠળ સુરત મહાનગરપાલિકા ધ્વારા લગ્ન નોંધણીની વ્યવસ્થા

ગુજરાત સરકાર ધ્વારા લગ્ન નોંધણી અધિનિયમ–૨૦૦૬,૧લી જાન્યુઆરી –૨૦૦૮ થી અમલમાં લાવવામાં આવેલ છે.જે મુજબ સુરત મહાનગરપાલિકાના જન્મ–મરણ નોંધણી વિભાગ મારફતે લગ્ન નોંધણી તથા તેને આનુષાંગિક કામગીરી કરાવવામાં આવશે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર પાલિકા દ્વારા વરાછા ઝોનમાં આવેલ કરંજ ખાતે પ્રાથમિક શાળાની ઉદ્‌ઘાટનવિધિ તથા પુણા–સીમાડા ખાતે અર્બન હેલ્થ સેન્ટરની ખાતમુહૂર્તવિધિ તા.૧૬–૦૧–૨૦૦૮નાં રોજ મા. મેયર ડો. કનુભાઈ જી. માવાણીના વરદ્‌હસ્તે સંપન્ન થયેલ



સુરત મહાનગર પાલિકા દ્વારા વરાછા ઝોનમાં આવેલ ટી. પી. સ્કીમ નં.૩ (કરંજ) ફા. પ્લોટ નં.૯૪ પૈકી દયાનંદ સરસ્વતી બાગની બાજુમાં નવી પ્રાથમિક શાળાની લોકાર્પણવિધિ તથા પુણા ગામ ખાતે સાંસ્કૃતિક ભવન સામે શહેરી આરોગ્ય કેન્દ્રની ખાતમુહૂર્તવિધિ તા.૧૬–૦૧–૨૦૦૮નાં રોજ મા. મેયર ડો. કનુભાઈ જી. માવાણી ના વરદ્‌હસ્તે સંપન્ન થઈ.

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૧૫/૧/૨૦૦૮ ના રોજ જયોતિન્દ્ર દવે ઉદ્યાનની બાજુના ખુલ્લા પ્લોટમાં (જોગાણીનગર), હનીપાર્ક રોડ, સુરત ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ



ગુજરાત પ્રવાસન નિગમ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન તા. ૧૫/૧/૨૦૦૮ ના રોજ જયોતિન્દ્ર દવે ઉદ્યાનની બાજુના ખુલ્લા પ્લોટમાં (જોગાણીનગર), હનીપાર્ક રોડ, સુરત ખાતે સવારે ૯.૦૦ કલાકે કરવામાં આવ્યું હતું.

વધુ માટે કલીક કરો >>>>>>


## સુરત મહાનગરપાલિકા દ્વારા બમરોલી ખાતે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું અપગ્રેડેશન, રાંદેર ખાતે સાકારિત આવાસો તથા પ્રાથમિક શાળાની લોકાર્પણવિધિ તા.૧૭–૦૧–૨૦૦૮નાં રોજ મા. મેયર ડો. કનુભાઈ જી. માવાણી ના વરદ્‌હસ્તે સંપન્ન થયેલ



સુરત મહાનગર પાલિકા દ્વારા બમરોલી ખાતે રૂા.૧૩૮૪/– લાખના ખર્ચે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું અપગ્રેડેશન, રાંદેર ખાતે રૂા.૧૩૨ લાખના ખર્ચે સાકારિત આવાસો તથા જહાંગીરાબાદ ખાતે રૂા.૫૨ લાખના ખર્ચે તૈયાર થયેલ પ્રાથમિક શાળાની લોકાર્પણવિધિ તા.૧૭–૦૧–૨૦૦૮નાં રોજ મા. મેયર ડો. કનુભાઈ જી. માવાણી ના વરદ્‌હસ્તે સંપન્ન થઈ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાનું ઈ–ગવર્નન્સક્ષેત્રે નવું સોપાન



સુરત મહાનગરપાલિકાએ ઈ–ગવર્નન્સ ક્ષેત્રે મેળવેલ અનેક સિધ્ધિઓમાં વધુ એક સિધ્ધિના ભાગરૂપે નાગરિક સુવિધા કેન્દ્રો ધ્વારા કોમ્પ્યુટર ઓનલાઈન ઉપર સેવાઓ આપી, મેળવેલ સિધ્ધિઓમાં વધુ એક સોપાન સર કરી ક્રેડીટ/ડેબીટ કાર્ડ ધ્વારા મ્યુનિસિપલ વેરાની વસુલાત શરૂ કરી શહેરીજનો માટે વેરા ભરપાઈ કરવાની પ્રક્રિયાને વધુ સરળ, સગવડદાયી અને સલામતીભરી બનાવી છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## ગુજરાત સરકાર, સુરત મહાનગરપાલિકા અને કેપ ફાઉન્ડેશન ધ્વારા ઉમ્મીદ પ્રોજેકટ તાલીમ પ્રમાણપત્ર વિતરણનો કાર્યક્રમ યોજાયેલ.



ગુજરાત સરકાર, સુરત મહાનગરપાલિકા અને કેપ ફાઉન્ડેશન ધ્વારા ઉમ્મીદ પ્રોજેકટ તાલીમ પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ તા.૧૧–૧–૨૦૦૮નાં રોજ સરદાર સભાખંડ, મુગલીસરા ખાતે સવારે ૧૧–૩૦ કલાકે યોજવામાં આવ્યો હતો.

વધુ માટે કલીક કરો >>>>>>

## મહાનગરપાલિકા દ્વારા લગ્ન નોંધણી:

## લગ્ન નોંધણી અધિનિયમ–૨૦૦૬ હેઠળ સુરત મહાનગરપાલિકા ધ્વારા લગ્ન નોંધણીની વ્યવસ્થા

ગુજરાત સરકાર ધ્વારા લગ્ન નોંધણી અધિનિયમ–૨૦૦૬,૧લી જાન્યુઆરી –૨૦૦૮ થી અમલમાં લાવવામાં આવેલ છે.જે મુજબ સુરત મહાનગરપાલિકાના જન્મ–મરણ નોંધણી વિભાગ મારફતે લગ્ન નોંધણી તથા તેને આનુષાંગિક કામગીરી કરાવવામાં આવશે. રાજય સરકાર તરફથી લગ્ન નોંધણીની કામગીરી માટે ખાસ હુકમથી ' લગ્ન નોંધણી રજીસ્ટ્રાર' તરીકે સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય અધિકારીશ્રીની નિમણુંક કરી જરૂરી સત્તા અને ફરજો સોંપવામાં આવી છે.જે મુજબ સુરત મહાનગરપાલિકાનાં દરેક ઝોનમાં લગ્ન નોંધણીની કામગીરી લગ્ન નોંધણી રજીસ્ટ્રાર અને આરોગ્ય અધિકારીશ્રીની સુચના અને માર્ગદર્શન હેઠળ જે તે ઝોનના નાયબ/ આસી.આરોગ્ય અધિકારી(સબ રજીસ્ટ્રાર) મારફત કરવામાં આવશે.

લગ્નની નોંધણી, લગ્ન સ્થળ પ્રમાણે જ` તે ઝોનમાં કરવામાં આવશે. આ માટેની અરજી પક્ષકારો (વર–કન્યા) ધ્વારા નમુના–૧માં ફરી લગ્ન નોંધણી યાદી (બે નકલ) મેળવી. જરૂરી વિગતો ભરવાની રહેશે. તથા તેમાં પક્ષકારોએ અને સાક્ષીઓએ ઓળખનાં અને ઉમંરનાં પુરાવાઓ રજુ કરવાનાં રહેશે. લગ્ન નોંધણી યાદી સાથે મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ–૧૯૫૮ હેઠળ રૂપિયા ૨૦૦/–નાં કોર્ટ ફી સ્ટેમ્પ (રૂા.૧૦૦/– નો એક એવો કોર્ટ ફી સ્ટેમ્પ લગ્ન નોંધણી યાદીની દરેક નકલ પર એક –એક ) લગાવવાનો રહેશે. બન્ને પક્ષે જન્મનો દાખલો અથવા સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે.લગ્નની વિધિ કરનાર વ્યકિતની ફોર્મમાં સહિ તેમજ તેમની સહિવાળો ફોટો/ઓળખપત્ર રજુ કરવાનું રહેશે. અરજદારે ઓળખનાં પુરાવા તરીકે ઈલેકશન કાર્ડ, પાનકાર્ડ,વિગેરેમાંથી એક પુરાવો માન્ય રહેશે.નોંધણીનાં તમામ પુરાવા તથા જરૂરી ફી ભર્યા બાદ જરૂરી ચકાસણી બાદ લગ્ન નોંધણી પ્રમાણપત્ર આપવામાં આવશે.

લગ્ન નોંધણી માટેના અરજી ફોર્મ તથા લગ્નની યાદીના ફોર્મ વિનામૂલ્યે દરેક ઝોન ઓફીસે તથા સીટી સીવીક સેન્ટર ખાતેથી ઉપલબ્ધ રહેશે.

TOP

## સુરત મહાનગર પાલિકા દ્વારા વરાછા ઝોનમાં આવેલ કરંજ ખાતે પ્રાથમિક શાળાની ઉદ્‌ઘાટનવિધિ તથા પુણા–સીમાડા ખાતે અર્બન હેલ્થ સેન્ટરની ખાતમુહૂર્તવિધિ તા.૧૬–૦૧–૨૦૦૮નાં રોજ મા. મેયર ડો. કનુભાઈ જી. માવાણીના વરદ્‌હસ્તે સંપન્ન થયેલ.

સુરત મહાનગર પાલિકા દ્વારા વરાછા ઝોનમાં આવેલ ટી. પી. સ્કીમ નં.૩ (કરંજ) ફા. પ્લોટ નં.૯૪ પૈકી દયાનંદ સરસ્વતી બાગની બાજુમાં નવી પ્રાથમિક શાળાની લોકાર્પણવિધિ તથા પુણા ગામ ખાતે સાંસ્કૃતિક ભવન સામે શહેરી આરોગ્ય કેન્દ્રની ખાતમુહૂર્તવિધિ તા.૧૬–૦૧–૨૦૦૮નાં રોજ મા. મેયર ડો. કનુભાઈ જી. માવાણીના વરદ્‌હસ્તે સંપન્ન થઈ.



આ પ્રસંગે સ્વામી વિવેકાનંદ પી. ટી. સી. કોલેજની વિદ્યાર્થીનીઓએ પ્રાર્થના કરી સમારંભનો શુભારંભ કર્યો હતો.

સ્વાગત પ્રવચન કરતા મા. નેતાશ્રી શાસક પક્ષ ડો.જગદીશભાઈ પટેલે મંચસ્થ મહાનુભાવો તથા ઉપસ્થિત નાગરિકોને આવકારતા જણાવ્યું કે છ માસ પહેલા નાગરિક સુવિધા કેન્દ્રનું લોકાર્પણ કરતા આ વિસ્તારમાં શહેરી આરોગ્ય કેન્દ્રની સુવિધા પ્રાપ્ત થાય તે વિચાર મૂર્તિમંત બનતા આજે ખાતમુહૂર્તવિધિ કરવામાં આવી છે. આઠ માસના ટુંકા ગાળામાં આ યોજના પરિપૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. શહેરમાં સમાવિષ્ટ નવા વિસ્તારમાં વસ્તીનું ભારણ જોતા આ વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોનું નિર્માણ થાય તથા વિકાસ કામો આગળ વધે તે માટે તમામ કટિબધ્ધ છે. આ વિસ્તારમાં આરોગ્ય–પાણી જેવી પ્રાથમિક સવલત સાથે કેપીટલ કામો જેવા કે રસ્તા, સ્ટ્રીટ લાઈટની સગવડ, ડ્રેનેજ સુવિધા વગેરે પણ ઉપલબ્ધ કરાવવા મહાનગરપાલિકા કટિબધ્ધ છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા પ્રાથમિક શિક્ષણને ઉત્તેજન આપવા માટે વિવિધ ઝોનોમાં પ્રાથમિક શાળાની સુવિધાઓ આપવામાં આવી છે. વરાછા ઝોનમાં દયાનંદ સરસ્વતિ બાગની બાજુમાં લંબે હનુમાન રોડ, કરંજ પાસે પ્રાથમિક શાળા આશરે રૂા.૫૭ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવી. આ શાળામાં આઠ જેટલા વર્ગ ખંડો, આચાર્ય રૂમ, સ્ટાફ રૂમ–૧, હોલ–૧ જેન્ટસ તેમજ લેડીઝ ટોયલેટ બ્લોક, અંડર ગ્રાઉન્ડ તેમજ ઓવર હડે ટાંકી ૧૦ હજાર લીટરની તૈયાર કરવામાં આવેલ છે. પ્રાથમિક શાળાની સુવિધાનો લાભ ધનશ્યામ નગર, ભગીરથ નગર, ડાહયા પાર્ક, સંતોષી નગર વિગેરેની અંદાજે ૪૦ હજાર જેટલી વસ્તીને લાભ મળશે.



પુણા ગામ સાંસ્કૃતિક ભવન સામે, પુણા ગામ ખાતે આજ રોજ અર્બન હેલ્થ સેન્ટરનું ખાતમુહૂર્ત સંપન્ન થયેલ છે. આ પ્રકલ્પ અંદાજે રૂા.૪૧ લાખના ખર્ચે સાકારિત થનાર છે. જેનો પ્લોટ એરીયા ૩૨૨૫ ચો. મી. તેમજ ગ્રા. ફલોર પર સ્ટોર રૂમ, વેઈટીંગ લોન્સ, ડ્રેસીંગ ઈન્જેકશન રૂમ, ૨–મેડીકલ ઓફિસર રૂમ, ડીસ્પેન્સરી રૂમ, લેબોરેટરી રૂમ, ફેમીલી પ્લાનીંગ તથા ઈન્યુઝેશન રૂમ તેમજ પ્રથમ માળે

ડોકટર્સ તેમજ નર્સ કવાટર્સની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે. સદર હેલ્થ સેન્ટરનો લાભ પૂણા ગામતળ, રૂક્ષ્મણી નગર, સરિતાનગર, બુટભવાની વિસ્તાર, વિક્રમ નગર, સમ્રાટ, સુંદરવન, શ્રીનાથ સોસાયટી, ગીતાનગર, સીતાનગર વિગેરે સોસાયટી મળી અંદાજે ૧ લાખ જેટલા નાગરિકો લઈ શકશે.

મંચસ્થ મહાનુભાવોનું સૂતરની આંટીથી સ્વાગત કરવામાં આવેલ.

સમારંભના મુખ્ય મહેમાન મા. મંત્રી શ્રી નરોત્તમભાઈ પટેલ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત, ગુજરાત રાજય એ પોતાના વકતવ્યમાં જણાવ્યું કે નવા વિસ્તારમાં પ્રાથમિક શાળા તથા શહેરી આરોગ્ય કેન્દ્રની સેવા ઉપલબ્ધ બનતી હોય જાહેર જનતાને શુભેચ્છા વ્યકત કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા ધ્વારા કામનું વ્યવસ્થિત આયોજન કરવામાં આવે છે. નવા વિસ્તારમાં વિકાસના કામો પરિપૂર્ણ નથી. અન્ય વિસ્તારની જેમ નવા વિસ્તારમાં પણ વિકાસ તથા નાગરિક સુવિધા પુરી પડે તે માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા કાર્યક્ષમ આયોજન હાથ ધરવામાં આવેલ છે. આગામ મહિનાઓમાં લગભગ રૂા.૧૮૧ કરોડના વિકાસના કામો આ વિસ્તારમાં હાથ ધરાશે. વહીવટી તંત્ર તેમજ પદાધિકારીશ્રીઓને અભિનંદન આપતા સુરતને સુંદર બનાવવાનું આયોજન કરવા તાકીદ કરી હતી.

મા. મેયર ડો.કનુભાઈ માવાણીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે માનવીના જીવનમાં તથા સમાજના વિકાસમાં શિક્ષણ તથા આરોગ્ય મહત્વનું અંગ છે. વર્તમાન સમયમાં શિક્ષણ મોંઘુ થતુ ગયુ છે ત્યારે આ પાયાની સવલત દરેક માનવીને મળે તે મહત્વની બાબત છે. નવા વિસ્તારમાં પાયાની સગવડો તથા વિકાસના કામો થાય તે માટે સુરત મહાનગરપાલિકા પ્રયત્નશિલ છે. વિકાસના કામો એકધારી ગતિએ અવરોધ વગર પૂર્ણ થાય તેવી કામગીરી કરવા વહિવટી તંત્રને અપીલ કરી હતી.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના અધ્યક્ષશ્રી રૂપીનભાઈ પચ્ચીગરે આભારવિધિ પૂર્ણ કરી હતી.

આ પ્રસંગે મંચસ્થ મહાનુભાવો ઉપરાંત વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા પ્રજાજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

TOP

## તા. ૧૫/૧/૨૦૦૮ ના રોજ જયોતિન્દ્ર દવે ઉદ્યાનની બાજુના ખુલ્લા પ્લોટમાં (જોગાણીનગર), હનીપાર્ક રોડ, સુરત ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ

ગુજરાત પ્રવાસન નિગમ અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન તા. ૧૫/૧/૨૦૦૮ ના રોજ જયોતિન્દ્ર દવે ઉદ્યાનની બાજુના ખુલ્લા પ્લોટમાં (જોગાણીનગર), હનીપાર્ક રોડ, સુરત ખાતે સવારે ૯.૦૦ કલાકે કરવામાં આવ્યું હતું.



શહેરમાં યોજાયેલ આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવના ઉદ્દઘાટક શ્રી નરોત્તમભાઈ પટેલ, ગુજરાત રાજયના પંચાયત, ગ્રામગૃહનિર્માણ, ગ્રામવિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રીના વરદ હસ્તે તથા સમારંભના પ્રમુખ અને માન. મેયર ડો. કનુભાઈ માવાણી, તથા સર્વશ્રી ડે.મેયર શ્રીમતી કૌશિકાબેન દેસાઈ, સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી મુકેશભાઈ દલાલ, શાસકપક્ષના નેતા ડો. જગદીશભાઈ પટેલ, મ્યુ.કમિશ્નર કુ. એસ. અપર્ણા, કલેકટરશ્રી દિલીપભાઈ રાવલ, પોલીસ કમિશ્નરશ્રી આર.એમ.એસ.બ્રાર, ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી રાજગોપાલન, ધારાસભ્યો શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શ્રી કિરીટભાઈ પટેલ, શ્રી કિશોરભાઈ વાંકાવાલા, શ્રી નાનુભાઈ વાનાણી વિ. મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટય કરી બલુન સાથે પતંગ ઉડાવી ને કરાવ્યો હતો.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવના ઉદ્દઘાટક શ્રી નરોત્તમભાઈ પટેલ, ગુજરાત રાજયના પંચાયત, ગ્રામગૃહનિર્માણ, ગ્રામવિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રીએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, ગુજરાત અને સુરતની પ્રજા ઉત્સવપ્રિય છે. આ ઉત્તરાયણનું પર્વ ભુલાઈ જતું હતું તેને માન.મુખ્યમંત્રીશ્રીએ આતંરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ દ્વારા ફરીથી ધબકતુ કર્યુ છે. આ પતંગ ઉત્સવથી રાજયના ગરીબ, આદિવાસી અને લઘુમતિ કોમને રોજગારીની તકોમાં સારો એવો વધારો થશે. પ્રમુખપદેથી પ્રવચન કરતા સુરત શહેરના પ્રથમ નાગરિક એવા મા.મેયર ડો.કનુભાઈ માવાણીએ જણાવ્યુ હતું કે, સુરત શહેરની પ્રજા ઉત્સવપ્રિય છે. અને સુરત મહાનગરપાલિકા રાજય સરકારના સહયોગથી આ ઉત્સવને મહાપર્વમાં તબદીલ કરી શહેરના તમામ નાગરિકોને ખભેખભા મિલાવી સુરત શહેરના વિકાસમાં યોગદાન આપવા જણાવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓનો આભાર માની જણાવ્યું હતું કે, સુરત શહેરનો વિકાસ એ આવી સંઘભાવનાને આભારી છે.

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ઓસ્ટ્રેલીયા, ફ્રાંસ, બ્રાઝીલ, ડેન્માર્ક, ઈન્ડોનેશીયા, ઈટાલી, જાપાન, નાઈજીરીયા,નેધરલેન્ડ, જેવા જુદા જુદા દેશોના ૨૩ પતંગબાજોએ અલીઆન, વાવગુલાન, કુચીંગ, લેડી ઝાલાબુડી, મેટ્રસ, પ્રિન્ટેડ, કોટનમેડ, બાંબુસ્ટીક પતંગ, સીરીઝ પતંગ, મીનીએચર પતંગ, જરીગુટ્ટી, ૩ સે.મી. થી ૪૫ ફુટ મોટા જમ્બો પતંગ, સ્પ્રીંગવ્હીલ ટાઈપ પતંગ, થ્રી ડાયમેન્સન પતંગ, એ મુખ્ય આકર્ષણ હતા, આ ઉપરાંત ભારત દેશનાં જુદા જુદા શહેરો હૈદરાબાદ, નવસારી, મુંબઈ, જોધપુર, અમદાવાદ, વડોદરા, સુરત, દહાણુંના પતંગબાજોએ વિવિધ ૩૫ પ્રકારની પતંગો જેમાં સીંગલ લાઈન કાઈટ, ટાઈગર ફેસ, ફેમીલીફ્રેન્ડ એન્ડ ફ્રીડમનો સંદેશો આપના પતંગો મુખ્ય હતા. તદ્ઉપરાંત ડબલ લાઈન ફ્રન્ટ કાઈટ જેમાં માતાજીનું મ્હોરૂ, શ્રી નાથજી બાબાનું મ્હોરૂ, બંગાળી દુર્ગા, સ્ટીચીડ કાઈટ, કથ્થકલી જેવા ટ્રેડિશનલ કાઈટો રજુ કરેલા હતા. તેમજ

વિવિધ આકારના કલાત્મક પ્રતિકૃતિ ધરાવતા ૧ મીટરથી ૩ મીટરનું ડાયમેન્શન ધરાવતા પતંગોનું સ્ટોલ ઉપર તથા મેદાન ઉપર નિર્દશન કર્યું હતું. અત્રે પધારેલ તમામ ૬૨ જેટલા પતંગબાજોને સુરત મહાનગરપાલિકા તરફથી મોમેન્ટો આપવામાં આવ્યા હતા. ત્યારબાદ અત્રે પધારેલ વિદેશી પતંગબાજોએ સુરત શહેરની મહેમાનગતી, મિત્રતાના વખાણ કરી જણાવ્યું હતું કે ગુજરાત ટુરીઝમ  અને સુરત મહાનગરપાલિકાના સહયોગથી ૭ વર્ષ પછી યોજાયેલ કાઈટ ફેસ્ટીવલ આપણે સહુ આકાશમાં પતંગ ઉડાડીને ઉત્સવની મઝા માણીશું.




આ પ્રસંગે શાસકપક્ષના નેતા અને સ્થાયી સમિતિના ચેરમેનશ્રીએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. અને કલેકટરશ્રીએ ઉપસ્થિત મહાનુભાવો, ભાગ લેનાર આતંરરાષ્ટ્રિય તથા ભારતીય પતંગબાજો નું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, ખૂબ જ ટુકાગાળામાં સુરતે આ ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટીવલનું આયોજન સુપેરે પાર પાડી સુરત શહેરની જનતા ઉત્સવપ્રિય છે. એ વાત સાબિત કરી દીધી છે. પ્રસંગને અનુરૂપ આભારવિધિ ડે.મેયરશ્રીમતી કૌશિકાબેન દેસાઈએ કર્યુ હતું.

આ કાર્યક્રમના સફળ આયોજન માટે કમિશનરશ્રીની સૂચનાથી ડે. કમિશનર(સ્પે.)શ્રીના માર્ગદર્શન હેઠળ રાંદેર ઝોનના ઝોનલ ચીફશ્રી અને સાંસ્કૃતિક વિભાગે પરસ્પર સંકલનમાં રહી ખુબ સફળતાપૂર્વક કાર્યક્રમ પાર પાડયો હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા દ્વારા બમરોલી ખાતે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું અપગ્રેડેશન, રાંદેર ખાતે સાકારિત આવાસો તથા પ્રાથમિક શાળાની લોકાર્પણવિધિ તા.૧૭–૦૧–૨૦૦૮નાં રોજ મા. મેયર ડો. કનુભાઈ જી. માવાણી ના વરદ્હસ્તે સંપન્ન થયેલ.

સુરત મહાનગર પાલિકા દ્વારા બમરોલી ખાતે રૂા.૧૩૮૪/– લાખના ખર્ચે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું અપગ્રેડેશન, રાંદેર ખાતે રૂા.૧૩૨ લાખના ખર્ચે સાકારિત આવાસો તથા જહાંગીરાબાદ ખાતે રૂા.પર લાખના ખર્ચે તૈયાર થયેલ પ્રાથમિક શાળાની લોકાર્પણવિધિ તા.૧૭–૦૧–૨૦૦૮નાં રોજ મા. મેયર ડો. કનુભાઈ જી. માવાણી ના વરદ્હસ્તે સંપન્ન થઈ.



સ્વાગત પ્રવચન કરતા મા. કમિશનરશ્રીએ જણાવ્યુ હતું કે ઉધના ઝોનમાં આજરોજ ખજોદ ડિસ્પોઝલ પ્લાન્ટની સામે અપગ્રેડેડ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની તેમજ રાંદેર ઝોનમાં ગોરાટ તેમજ ભાણકી સ્ટેડીયમ પાસે શહેરી ગરીબો માટેના આવાસો, રામનગર રાંદેર ખાતે પ્રાથમિક શાળા મળી કુલ ૪ પ્રોજેકટોની લોકાર્પણવિધિ પ્રસંગે ઉપસ્થિત સર્વનું હાર્દિક સ્વાગત કરુ છું. બમરોલી ખાતે આવેલ અપગ્રેડેડ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની ક્ષમતા ૧૦૦ એમ. એલ. ડી. છે. આ અપગ્રેડેડ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અંદાજીત રૂા. ૧૩૮૪ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે. વર્ષ–૨૦૧૧ સુધીમાં અંદાજે ૫.૮૫ લાખની વસ્તીને આ પ્રોજેકટનો આનો લાભ મળશે.રાંદેર ઝોન વિસ્તારમાં ગોરાટ તથા ભાણકી સ્ટેડીયમ પાસે જવાહરલાલ નેહરૂ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન (JnNURM BSUP) હેઠળ શહેરી ગરીબો માટેના આવાસો સાકારિત કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા રૂા.૫૬૦.૪૧ કરોડની પ્રોજેકટ કોસ્ટવાળા સાત પ્રોજેકટોને આ યોજના હેઠળ મંજૂર કરાવવામાં આવેલ છે. જેમાં કેન્દ્ર સરકારના ૫૦% અને રાજય સરકારના ૨૦% એટલે કે ૭૦% ની રકમ મળશે. જયારે બાકીની રકમ સુરત મહાનગરપાલિકા અને લાભાર્થીઓ મળીને ભોગવશે.



ઈ.ડબલ્યુ. એસ., વામ્બે અને એલ. આઈ. જી. આવાસ યોજના માટે તૈયાર આવાસોનો અભિગમ ઝુંપડપટ્ટીઓના પુર્નવસન માટે અપનાવવામાં આવેલ છે. આ આવાસો મુખ્યત્વે પુરમાં અસરગ્રસ્ત ઝુંપડાવાસીઓ, રસ્તામાં તથા શહેરના વિકાસમાં નડતરરૂપ ઝુંપડપટ્ટીઓના ઝુંપડાવાસીઓને ફાળવવામાં આવશે. જેથી શહેરમાં વારંવાર આવતા પુરની સામે ઝુંપડપટ્ટીવાસીઓને જાનમાલના નુકશાનની સમસ્યા હલ થશે. તદઉપરાંત શહેરના વિકાસમાં નડતરરૂપ થતા ઝુંપડાઓ દુર થતા શહેરનો વધુ વિકાસ શકય બનશે તથા શહેરના પર્યાવરણમાં સુધારો થશે અને શહેરી ગરીબોનું જીવનધોરણ ઉંચુ આવશે.જહાંગીરાબાદ ખાતે લોકાર્પિત કરવામાં આવેલ પ્રાથમિક શાળાનો કુલ પ્રોજેકટ ખર્ચ રૂા.પર,૩૦,૦૦૦/– છે. પ્લોટનું ક્ષેત્રફળ ૧૪૭૫.૭૬ ચો. મી. તથા બાંધકામનું ક્ષેત્રફળ ૧૧૧૦.૨૭ ચો.મી. છે. પચાસ હજાર જેટલા લાભાર્થીઓને આ શાળાનો લાભ મળશે. તેમજ ફકત સાત માસ જેટલા ટૂંકા ગાળામાં

આ મકાનનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે. આ શાળામાં ભોંય તળીયે ૯ વર્ગખંડ, સ્ટાફ રૂમ, ડ્રોઈંગ રૂમ, સ્ટોર રૂમ, લેબોરેટરી, કન્યાઓ માટે ટોયલેટ, અન્ડર ગ્રાઉન્ડ ૧૧૦૦૦ લીટર પાણીની ટાંકી, ઓવર હેડ ૫,૦૦૦ લીટર પાણીની ટાંકી, પ્રથમ માળે ૯ વર્ગ ખંડ, પ્રિન્સીપલ ઓફિસ, કોમ્પ્યુટર રૂમ, સ્ટોર રૂમ, વાંચનાલયનો સમાવેશ કરવામાં આવેલ છે. વધુમાં રાંદેરઝોનમાં સ્પોર્ટસ કોમ્પલેક્ષ બિલ્ડીંગ, સ્કુલ ચીલ્ડ્રન હોલ, કોમ્યુનિટી હોલ, સીનીયર સીટીઝન કમ મલ્ટીપરપઝ હોલ, ઓડીટોરીયમ તથા નવી ઝોન ઓફિસ બનાવવાનું આયોજન પણ હાથ ધરવામાં આવેલ છે.



મંચસ્થ મહાનુભાવોનું સૂતરની આંટીથી સ્વાગત કરવામાં આવેલ.

આ પ્રસંગે પોતાના વકતવ્યમાં વિરોધ પક્ષના નેતાશ્રી યોગેશભાઈ કાપડિયા સદર પ્રોજેકટની લોકાર્પણવિધિ અંગે સુરત મહાનગરપાલિકાના વહીવટી તંત્ર તેમજ શાસક પક્ષને અભિનંદન આપતા જણાવ્યું હતું કે શહેરના વિકાસ સાથે તાલમેલ મેળવવા વિરોધ પક્ષનો હંમેશા રચનાત્મક સહકાર રહેશે. ગરીબોના કલ્યાણ માટે વહીવટી તંત્રે આગવી કામગીરી કરી છે. શહેરના હિતમાં વૈકલ્પિક જગ્યા મળે અને સારા આવાસો પ્રાપ્ત થાય તો સ્થળાંતર કરવા ઝુપડાવાસીઓ તૈયાર રહેશે.

નેતાશ્રી શાસક પક્ષ ડો.જગદીશભાઈ પટેલે પોતાના સંભાષણમાં જણાવ્યુ હતુ કે શહેરી આરોગ્ય, શિક્ષણને લગતા ૪ પ્રોજેકટો આજ રોજ લોકાર્પણ થયા છે. વિકાસના કામોમાં જે ઝડપ આવી છે તેને માટે વહીવટી તંત્ર તથા પદાધિકારીશ્રીઓ અભિનંદનને પાત્ર છે. લોકાર્પણ પછી પ્રોજેકટોની જાળવણી જરૂરી છે. આવાસ યોજનાથી લાભકર્તા માનવીના જીવનધોરણમાં આરોગ્યની જાળવણીમાં તથા રહેણી કરણીમાં સુધારો આવે તે જરૂરી છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ તથા વિશાળ દ્રષ્ટિ રાખી પર્યાવરણની જાળવણી કરવી જરૂરી છે. સુરત મહાનગરપાલિકાએ નવા ધારાધોરણ મુજબ પ્રકલ્પોનું અપગ્રેડેશન કરી પર્યાવરણની જાળવણી માટે પ્રયાસ હાથ ધર્યો છે.

સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલે જણાવ્યુ હતું કે વિવિધલક્ષી પ્રોજેકટો ધ્વારા શહેરી ગરીબોના કલ્યાણ માટે અનેક યોજનાઓ સાથે સુરત મહાનગરપાલિકા પ્રયત્નશીલ છે. ઝુપડપટ્ટી, પછાત વિસ્તારોને તમામ સગવડો આપવા સુરત મહાનગરપાલિકા અસરકારક કામગીરી કરવા પ્રયત્નશીલ છે. નકકી કરેલા પ્રકલ્પો સમયમર્યાદામાં પૂર્ણ થાય તે પ્રથમ પ્રાથમિકતા છે. શિક્ષણ આરોગ્ય વગેરે સેવાઓ દરેક નાગરિકોને મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા ચિંતિત છે. મહાનગરપાલિકાન આવા પ્રયાસોથી શિક્ષણનું સ્તર પણ ઉચ્ચ કક્ષાએ પહોંચ્યુ છે. મહાનગરપાલિકાના વિવિધ પ્રોજેકટોથી આગામી સમયમાં રાંદેર–અડાજણ વિસ્તારના લોકોને મહત્તમ સવલત પ્રાપ્ત થશે.



ડે. મેયર શ્રીમતિ કૌશિકાબેન દેસાઈએ જણાવ્યું હતું કે આવાસ માટેના પ્રકલ્પના લોકાર્પણવિધિનો આ પ્રસંગ ગરીબોના ઉત્થાન માટેનો છે. સામાન્ય નાગરિકોને મૂળભૂત જરૂરીયાત પૂરી પાડવા તથા નબળા લોકોને મદદરૂપ થવા સુરત મહાનગરપાલિકા કાર્યરત છે. સ્ટોર્મ ડ્રેનેજ પ્રોજેક્ટ પાણીની શુધ્ધિકરણ સુવિધા લોકો માટે ઉપયોગી છે. આ જ રીતે સમાજના ઉત્થાન માટે શિક્ષણ પ્રથમ પગથીયુ છે. શિક્ષણનો પ્રચાર, પ્રસાર અંગે સુરત મહાનગરપાલિકાની કામગીરી આગવી છે.

મા. મેયર ડો.કનુભાઈ માવાણીએ પોતાના સંભાષણમાં જણાવ્યુ હત્ુ કે સુરત મહાનગરપાલિકા ધ્વારા નિર્મિત થયેલા વિવિધ પ્રકલ્પો સતત વિકાસની પ્રક્રિયામાં અગ્રક્રમે રહયા છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા પુરી પડાતી ડ્રેનેજ, શિક્ષણ–આવાસ નિર્માણ અંગેની કામગીરી મહત્તમ ટેકનોલોજીનો ઉપયોગ લઈ તથા અપગ્રેડેશન કરી મહત્તમ લાભ મળી શકે તે માટે કાર્યરત છે. આના કારણે શિક્ષણનું સ્તર પણ ઉચ્ચ કક્ષાએ પહોંચ્યુ છે. જે આપણે સુમન હાઈસ્કુલના પરિણામોમાં નિહાળી શકીએ છીએ. પ્રજાજનો આ તમામ સુવિધાઓનો મહત્તમ લાભ લે તે જરૂરી છે. આ વિશિષ્ટ કામગીરી માટે સુરત મહાનગરપાલિકા અભિનંદનને પાત્ર છે. વહીવટી તંત્રના અથાગ પ્રયત્નને કારણે JnNURM યોજનાનો સૌથી વધુ લાભ મેળવી શકાયો છે.

જહેર બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી નીતિનકુમાર ડી. ઠાકર ઉર્ફે ભજીયાવાળાએ આભારવિધિ પૂર્ણ કરી હતી.

આ પ્રસંગે મંચસ્થ મહાનુભાવો ઉપરાંત વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા પ્રજાજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

TOP

# સુરત મહાનગરપાલિકાનું ઈ–ગવર્નન્સક્ષેત્રે નવું સોપાન



સુરત મહાનગરપાલિકાએ ઈ–ગવર્નન્સ ક્ષેત્રે મેળવેલ અનેક સિધ્ધિઓમાં વધુ એક સિધ્ધિના ભાગરૂપે નાગરિક સુવિધા કેન્દ્રો ધ્વારા કોમ્પ્યુટર ઓનલાઈન ઉપર સેવાઓ આપી, મેળવેલ સિધ્ધિઓમાં વધુ એક સોપાન સર કરી ક્રેડીટ/ડેબીટ કાર્ડ ધ્વારા મ્યુનિસિપલ વેરાની વસુલાત શરૂ કરી શહેરીજનો માટે વેરા ભરપાઈ કરવાની પ્રક્રિયાને વધુ સરળ, સગવડદાયી અને સલામતીભરી બનાવી છે.

તા.૧૭–૧–૨૦૦૮ ના રોજ સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોન ખાતે આવેલ નાગરિક સુવિધા કેન્દ્રમાં આ સગવડ શરૂ કરવામાં આવી છે. ક્રેડીટ/ડેબીટ કાર્ડ ધ્વારા મ્યુનિસિપલ વેરાની વસુલાત થઈ શકે તે માટે બેન્ક ઓફ બરોડા સંલગ્ન " બોબ કાર્ડસ લી." ના સહયોગથી સ્વેપીંગ કાર્ડ મશીન મૂકીને નાગરિકોની સુવિધામાં વધારો કરવામાં આવેલ છે.

આ સ્વેપીંગ કાર્ડ મશીનનું ઉદઘાટન સુરત શહેરના માનનીય મેયરશ્રી કનુભાઈ માવાણી ના વરદહસ્તે કરવામાં આવ્યું હતું, જે પ્રસંગે ડે. મેયરશ્રી, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી, શાસક પક્ષના નેતાશ્રી તથા વહીવટી પાંખના વડા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, ડે.કમિશ્નરશ્રી (પ. અને ઈ.), સીટી ઈજનેરશ્રી, આસી. કમિશ્નરશ્રી (ફાઈનાન્સ) અને સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ અને આસી. કમિશ્નરશ્રી તેમજ સેન્ટ્રલ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી ડી.એમ. જરીવાલા અને શ્રી જતીનભાઈ દેસાઈ ઉપસ્થિત રહયાં હતાં.

આ પ્રસંગે ઉપસ્થિત ક્રેડીટકાર્ડ ધારકો તથા અન્ય હાજર શહેરીજનોને ક્રેડીટ કાર્ડથી નાણાં ભરપાઈ કરવા અંગે વધુ જાણકારી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સુરત મહાનગરપાલિકાએ અમલમાં મૂકેલ આ નવતર પ્રયોગમાં જો શહેરીજનો ધ્વારા સાનુકૂળ પ્રતિસાદ મળશે તો અન્ય ઝોન અને નાગરિક સુવિધા કેન્દ્રોમાં પણ આ પ્રકારની સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે.

TOP

## ગુજરાત સરકાર, સુરત મહાનગરપાલિકા અને કેપ ફાઉન્ડેશન ધ્વારા ઉમ્મીદ પ્રોજેકટ તાલીમ પ્રમાણપત્ર વિતરણનો કાર્યક્રમ યોજાયેલ.



ગુજરાત સરકાર, સુરત મહાનગરપાલિકા અને કેપ ફાઉન્ડેશન ધ્વારા ઉમ્મીદ પ્રોજેકટ તાલીમ પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ તા.૧૧–૧–૨૦૦૮ના રોજ સરદાર સભાખંડ, મુગલીસરા ખાતે સવારે ૧૧–૩૦ કલાકે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આવકાર પ્રવચન અને યોજનાકીય માહિતી આપતા મા.આસી.કમિશ્નરશ્રી સી.વાય.ભટ્ટ સાહેબે જણાવ્યું હતું કે, ઉમ્મીદ એટલે આશા જગાડે છે. શહેરી યુવકોને રોજગાર માટે આધુનિક જમાના પ્રમાણે તાલીમની જરૂરીયાત છે. જે સુરત મહાનગરપાલિકાએ ઉપાડી છે. ગુજરાતમાં ઉમ્મીદના ૬૩ તાલીમ કેન્દ્રો ચલાવવામાં આવે છે. જેમાંથી ૧૬ તાલીમ કેન્દ્રો ફકત સુરત ખાતે ચાલે છે. જેમાં એક વર્ષમાં ૧૩૨૪ લાભાર્થીઓએ તાલીમ પૂર્ણ કરેલ છે. તાલીમ માટે ફકત રૂા. ૩૫૦૦/– નો ખર્ચ થાય છે.લાભાર્થી પાસેથી ફકત રૂા.૫૦૦/–લોકફાળા પેટે લેવામાં આવે છે. જે અંગે ગુજરાત સરકાર તેમજ સુરત મહાનગરપાલિકા સરખે હિસ્સે ખર્ચ ભોગવે છે.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને બિરાજતા માનનીય મેયરશ્રી કનુભાઈ માવાણીએ ઉદ્દબોધન કરતાં જણાવ્યું હતું કે, શિક્ષિત બેરોજગારીનો પ્રશ્ન આજે દેશ માટે ખૂબ જ અગત્યનો છે. આવા સમયમાં યુવાનો–યુવતીઓને ૩ માસની તાલીમ અને પ્લેસમેન્ટ આપવામાં આવે છે. અને તેઓ સ્વમાનભેર બની સામાજીક, આર્થિક રીતે ઘરમાં મદદરૂપ થઈ શકે તે માટેની આ તાલીમ છે. હાલના સમયની તાતી જરૂરીયાતને ધ્યાનમાં લેતાં ઉધોગ ધંધાને અનુરૂપ તાલીમ આપવી જોઈએ જેથી રોજગારી સરળતાથી મળી રહે, દુનિયામાં કોઈ વસ્તુ અશકય નથી. જેટલી મહેનત કરશો તેટલા આગળ વધશો.

પ્રાસંગિક ઉદ્દબોધન કરતાં મા.કમિશ્નરશ્રી એસ.અપર્ણા મેડમે જણાવ્યું કે, મુખ્યમંત્રીશ્રી ધ્વારા આ કાર્યક્રમ પર ખૂબ જ ભાર મુકવામાં આવ્યો છે. ગુજરાત રાજયના આર્થિક વિકાસ માટે યુવક–યુવતીઓને યોગ્ય રોજગારી મળી રહે તે રાજય સરકારનો ધ્યેય છે. ભણ્યા પછી નોકરી ન મળવાને કારણે નિરાશા આવે છે. પરંતુ ઉમ્મીદ પ્રોજેકટ ૧૦૦% રોજગારલક્ષી પ્રોગ્રામ છે. જેમાં યુવક–યુવતીઓને ત્રણ માસની તાલીમ આપવામાં આવે છે. માત્ર તાલીમ પુરી કરવી, પ્રમાણપત્ર લેવું એજ હેતુ નથી. ભવિષ્યનું નિર્માણ કરવું એ જરૂરી છે. કોઈને આપણે સ્વનિર્ભર/પગભર બનાવીએ એ ખૂબજ પ્રણ્યની કામગીરી છે. મને જણાવતાં આનંદ થાય છે કે સુરત મહાનગરપાલિકામાં ઉમ્મીદના ૧૬ તાલીમ કેન્દ્રો સક્રિય/કાર્યરત છે. અને તેની સફળતા માટે કેપ અને એન.જી.ઓ.ના પ્રતિનિધિઓ અને યુ.સી.ડી.વિભાગના ઓર્ગેનાઈઝરો, અધિકારીશ્રીઓનો સ્ટાફ સમગ્ર ગુજરાતના અન્ય શહેરોમાં ચાલતા યુ.સી.ડી.પ્રોજેકટ કરતાં ખૂબ જ ધનિષ્ઠ કામગીરી કરતાં હોવાના પરિણામે રાજય ભરમાં સૌથી વધુ લાભાર્થીઓને આપણે લાભ આપીએ છીએ.

ઉમ્મીદ તાલીમમાં તાલીમાર્થી અંજલી નાયકે પ્રતિભાવ આપતાં જણાવ્યું કે, આજની બેરોજગારી સામે દેશ માટે ઉમ્મીદ તાલીમ ખૂબ જ મહત્વની છે. રોજગારી મેળવવા ફાફા પડે છે. ત્યારે ઉમ્મીદ એ ઉમ્મીદ જણાવે છે. જેને લીધે મને બીગબજારમાં નોકરી મળી છે. આ કાર્યક્રમમાં સ્ટેન્ડીંગ કમિટિના અધ્યક્ષ શ્રી મુકેશભાઈ દલાલ, વિરોધ પક્ષના નેતા શ્રી બાબુભાઈ કાપડીયા, ખાસ ઉપસ્થિત રહયા હતા.

સમારંભના અંતે સાંસ્કૃતિક સમિતિનાં ચેરમેન શ્રીમતી છાયાબેન ભુવાએ આભારવિધિ કરતાં જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકા ધ્વારા ઉમ્મીદ તાલીમ કાર્યક્રમ એ ખૂબ જ સારો કાર્યક્રમ છે. જેમાં યુવક–યુવતીઓને ત્રણ માસની તાલીમ આપવામાં આવે છે. આ લાભ પોતે લે અને બીજાને પણ જાણ કરશે તો આનંદ થશે.

કાર્યક્રમને સફળ બનાવવામાં યુ.સી.ડી. સ્ટાફની ને કેપ ફાઉન્ડેશનનાં ઉમ્મીદ કોઓર્ડીનેટર શ્રી શાંઈ શંકર અને તાલીમાર્થીઓની અગત્યની કામગીરી રહી હતી.

કાર્યક્રમનું સંચાલન અર્પણા શુકલાએ કર્યુ હતું.

TOP